## મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ
## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ
## યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ
## પ્રવેશ અંગેની માહિતી

(૧) યોગવિદ્યા અભ્યાસક્રમનો સમયગાળો જુલાઈ–૨૦૨૨ થી એપ્રિલ–૨૦૨૩ સુધીનો રહેશે.

(૨) આ અભ્યાસક્રમનો વર્ગ દર શનિવારે સાંજે ૪–૦૦ થી ૮–૦૦ અને રવિવાર તથા જાહેર રજાના દિવસે સવારે ૭–૦૦ થી ૧–૦૦ નો રહેશે. તદ્ઉપરાંત જરૂરીયાત ઉભી થાય તો દરેક સત્રમાં ૧૦–દિવસ સંસ્થાની અનુકૂળતા પ્રમાણે વર્ગ માટે આવવાનું ફરજિયાત રહેશે.

(૩) આ અભ્યાસક્રમમાં જોડાવા માટે શારીરિક યોગ્યતાનું દાક્તરી પ્રમાણપત્ર આપવું ફરજિયાત છે.

(૪) પ્રવેશફોર્મમાં દર્શાવેલા નિયમોનું પાલન કરવું ફરજિયાત છે.

(૫) યોગવિદ્યા ડિપ્લોમાની વાર્ષિક ફી રૂા. ૧૪,૧૦૦/–(અંકે ચૌદ હજાર એકસો પુરા) રાખવામાં આવેલ છે.

(૬) પ્રાર્થના, કાંતણ અને ખાદીનો ગણવેશ ફરજિયાત રહેશે.

(૭) યોગવિદ્યા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ શાખામાં સ્નાતક કક્ષાએ ૪૦% ગુણ મેળવેલ ઉમેદવાર પ્રવેશ માટે અરજી કરી શકશે. અનામત કક્ષાના ઉમેદવારોને નિયમોનુસાર પ્રવેશમાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૮) વર્ષમાં એક વાર સંસ્થાએ નક્કી કરેલ સ્થળે શૈક્ષણિક પ્રવાસ/શિબિર ઓછામાં ઓછા ૮ થી ૧૦ દિવસનો રાખવામાં આવશે, જેમા દરેક વિદ્યાર્થીઓએ સ્વખર્ચે આવવાનું રહેશે.

(૯) શૈક્ષણિક પ્રવાસ/શિબિરમાં ભાગ નહી લેનાર વિદ્યાર્થીનું સત્ર નામંજૂર ગણવામાં આવશે.

(૧૦) અભ્યાસક્રમમાં ૮૦% હાજરી ફરજિયાત છે. જેની સૌએ નોંધ લેવી.

(૧૧) અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યા બાદ દિન–૧૫ માં માઈગ્રેશન સર્ટીફિકેટ તથા એલીજીબીલીટી ફરજિયાતપણે જમા કરાવવાનું રહેશે. માઈગ્રેશન સર્ટીફિકેટ માટે ભારત સરકાર/ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ભવિષ્યમાં જે કઈ નિર્ણય/પરિપત્ર કરવામાં આવશે તેનો અમલ જે તે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપોઆપ લાગુ પડશે.

**યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વધુ માહિતી મેળવવા માટે મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ કાર્યાલયઃ (ઓ) ૦૭૯–૪૦૦૧૬૨૭૨, ડૉ. બિમાનભાઈ પાલ (મોઃ 09427622254) તથા ડૉ. કમલેશભાઈ પટેલ (મોઃ 9898001481)નો સંપર્ક કરવો.**

નોંધઃ

૧) ફોર્મ ભરનાર દરેક ઉમેદવારે તા.૦૧/૦૭/૨૦૨૨ને શુક્રવારે સવારેઃ ૮–૦૦ કલાકે મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ,આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦૦૧૪ ખાતે પ્રવેશ પરીક્ષા માટે ફરજિયાત હાજર રહેવું.

૨) પ્રવેશ માટે લેખીત પરીક્ષા, મૌખિક પરીક્ષા તથા શારીરિક યોગ્યતા પરીક્ષા લેવામાં આવશે. લેખીત પરીક્ષામાં યોગને લગતી સામાન્ય માહિતી, શરીર રચના અને ક્રિયાવિજ્ઞાન, સામાન્યજ્ઞાન અને પ્રવેશ માટેના જે પુસ્તકો આપવામાં આવે તે વિશે પ્રશ્નો રહેશે. મૌખિક પરીક્ષા સમયે અસલ ગુણપત્રકો અને પ્રમાણપત્ર સાથે લઈને આવવાનું રહેશે.

૩) અનિવાર્ય સંજોગો કે મહામારી દરમ્યાન સંસ્થા/ રાજય સરકાર/ભારત સરકાર તરફથી જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે તેનું પાલન કરવાનું રહેશે.

તા.૦૫–૦૫–૨૦૨૨

(ડૉ. બિમાન.બી. પાલ)
પ્રાધ્યાપક

(ડૉ. કમલેશ પટેલ)
સંયોજક